**ભાવનગર મહાનગરપાલિકા**

## સ્વચ્છતા માટે શહેરના નાગરીકોને જોડવા તથા તેઓએ કરેલ કામગીરીની સ્વચ્છ મંચ પર Event Create કરવા બાબતની વિગતો અને માહિતી

મહાનગરપાલિકા આપણાં ભાવનગર શહેરનાં નાગરીકોની સુખાકારીનાં હેતુથી ભારત સરકારશ્રીના સ્વચ્છ સર્વેક્ષણ – 2019માં ભાગ લઈ રહેલ છે જે હેઠળ શહેરનાં નાગરીકો દ્વારા સ્વચ્છતાને લગત પોતાની રીતે શહેરના નાગરીકોને જોડી અથવા કોઈ સ્વૈચ્છિક/સેવાભાવી સંસ્થાઓની મદદથી કોઈ શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવેલ હોય તો તેને પણ ધ્યાને લેવામાં આવે છે.

ભાવનગર શહેરની જનતાને (1) Street Art, (2) Litter Free Street, (3) Set Composting Units, (4) Painting Public Assets, (5) Public Toilet Clean up, (6) Lake Clean up, (7) Garbage Segregation, (8) Green Neighbourhoods, (9) Anti-Plastic Drive, (10) Park Clean up, (11) Spreading Awareness જેવા વિષયો પર ઓક્ટોમ્બર – 2018 થી જાન્યુઆરી – 2019 સુધી સ્વચ્છતાને લગતી પ્રવૃતિ સતત હાથ ધરવા, ભારત સરકારનાં સ્વચ્છ મંચ પર (https://swachhmanch.in) અથવા Swachhata MoHUA એપ્લીકેશન પર event create કરીને અપલોડ કરવા તેમજ ભાવનગર મહાનગરપાલિકાનાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે ફરજ બજાવતા શ્રી હર્ષ ધ્રાંગધરીયા (બેક ઓફિસ આસીસ્ટન્ટ)ને 9426550315 મોબાઈલ નંબર પર સવારનાં 10:30 થી સાંજનાં 6:10 સુધીમાં જાણ કરવા આથી અપીલ કરવામાં આવે છે.

તા. ૩૦-૧૨-૨૦૧૮ની સ્થતિએ ઉક્ત વિષયો પૈકીના વિષય પર જે લોકોએ Event create કરીને સ્વચ્છતાને લગતી પ્રવૃતિ હાથ ધરી હશે તેઓને મહાનગરપાલિકા દ્વારા સન્માનીત કરવામાં આવશે તથા જેઓએ મહત્તમ Events Create કરીને સ્વચ્છતા માટે વધુને વધુ કાર્યક્રમો કરેલ હશે તેઓને ભાવનગર મહાનગરપાલિકા પ્રોત્સાહિત કરવા વિચારણામાં લેશે.

તા. ૩૦-૧૨-૨૦૧૮ની સ્થિતીએ ભાગ લેનાર નાગરીક/સંસ્થાઓએ Swachha Manch પર અપલોડ કરેલ દરેક ઈવેન્ટ સ્ક્રીન શોટ્સ તથા સ્વચ્છતાને લગત કામગીરીના ફોટોગ્રાફ્સ આધાર પુરાવા તરીકે swmexnbmc@gmail.com પર ઈ મેઈલ કરવાનો રહેશે.

તા.૦૬/૧૦/૨૦૧૮

# પ્રેસનોટ

મહાનગરપાલિકા આપણાં ભાવનગર શહેરનાં નાગરીકોની સુખાકારીનાં હેતુથી ભારત સરકારશ્રીના સ્વચ્છ સર્વેક્ષણ – 2019માં ભાગ લઈ રહેલ છે જે હેઠળ શહેરનાં નાગરીકો દ્વારા સ્વચ્છતાને લગત પોતાની રીતે શહેરના નાગરીકોને જોડી અથવા કોઈ સ્વૈચ્છિક/સેવાભાવી સંસ્થાઓની મદદથી કોઈ શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવેલ હોય તો તેને પણ ધ્યાને લેવામાં આવે છે. જેથી શહેરની જનતાને વિવિધ વિષયો પર ઓક્ટોમ્બર – 2018 થી જાન્યુઆરી – 2019 સુધી સ્વચ્છતાને લગતી પ્રવૃતિ સતત હાથ ધરવા, ભારત સરકારનાં સ્વચ્છ મંચ પર (https://swachhmanch.in) અથવા Swachhata MoHUA એપ્લીકેશન પર event create કરીને અપલોડ કરવા તેમજ શ્રી હર્ષ ધ્રાંગધરીયા(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ)ને 9426550315 મોબાઈલ નંબર પર સવારનાં 10:30 થી સાંજનાં 6:10 સુધીમાં જાણ કરવા આથી અપીલ કરવામાં આવે છે. શ્રેષ્ઠ પ્રવૃત્તિને મહાનગરપાલિકા પ્રોત્સાહિત કરવા પણ વિચારણામાં લેશે. વધુ માહિતી મેળવવા માટે ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.bmcgujarat.com ની મુલાકાત લેવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

તંત્રીશ્રી.................................................
ઉપરોકત પ્રેસનોટ આપના દૈનિકમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતિ છે.

જનસંપર્ક અધિકારી
જનસંપર્ક વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ – ભાવનગર મહાનગરપાલિકા

તા.૦૬/૧૦/૨૦૧૮

**પ્રેસનોટ**

મહાનગરપાલિકા આપણાં ભાવનગર શહેરનાં નાગરીકોની સુખાકારીનાં હેતુથી ભારત સરકારશ્રીના સ્વચ્છ સર્વેક્ષણ – 2019 માં ભાગ લઈ રહેલ છે. જે હેઠળ શહેરનાં નાગરીકો દ્વારા સ્વચ્છતાને લગત પોતાની રીતે અથવા કોઈ સ્વૈચ્છિક/સેવાભાવી સંસ્થાઓની મદદ વડે કોઈ નવીનતમ (ઈનોવેટીવ - સમગ્ર દેશમાં બીજી કોઇ જગ્યાએ અમલમાં ન હોય તેવી) કામગીરી કરવામાં આવેલ હોય અથવા કોઇ નવીનતમ વિચાર હોય તો તેને પણ ધ્યાને લેવામાં આવે છે. જેથી ભાવનગર શહેરની જનતાને વ્યક્તિગત/સંસ્થાકીય ઈનોવેટીવ પ્રવૃતિ ઓક્ટોમ્બર – 2018 સુધીમાં હાથ ધરેલ હોય તો તેની વિગત ભાવનગર મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના મેઇલ આઇ.ડી. swmexnbmc@gmail.com પર ઇ - મેઇલ થકી મોકલાવી આપવા આથી અપીલ કરવામાં આવે છે. ભારત સરકારશ્રીની દ્રષ્ટિએ જે શ્રેષ્ઠ ઈનોવેશન જણાશે તેને મહાનગરપાલિકા પ્રોત્સાહિત કરવા પણ વિચારણામાં લેશે.

કાર્યપાલક ઈજનેર
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

**તંત્રીશ્રી...............................................**
**ઉપરોકત પ્રેસનોટ આપના દૈનિકમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા વિનંતિ છે.**

જનસંપર્ક અધિકારી
જનસંપર્ક વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર